| Published Date: | 24 Jun 2026 | Publication: | Divya Gujarat (Gujarati) [Ahmedabad] |
|---|---|---|---|
| Journalist: | Bureau | Page No: | 3 |
| Circulation: | 16,018 | | |

# ટાટા એસેટ મેનેજમેન્ટે બદલાતા સેક્ટર્સને લગતી તકોનો લાભ લેવા ટાટા મલ્ટી-સેક્ટર પેસિવ FoF લોંચ કર્યો

ટાટા એસેટ મેનેજમેન્ટ એ આજે ટાટા મલ્ટી-સેક્ટર પેસિવ FoF લોન્ચ કરવાની જાહેરાત કરી છે. આ સ્કીમ વિવિધ સેક્ટરની પેસિવ ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ્સના યુનિટ્સમાં રોકાણ કરતી એક ઓપન-એન્ડેડ ફંડ ઓફ ફંડ(FoF) સ્કીમ છે.આ સ્કીમ વિવિધ સેક્ટર આધારિત) પેસિવ ફંડ્સ અને ETFમાં એક્ટિવ એલોકેશન દ્વારા લાંબા ગાળા માટે મૂડીમાં વૃદ્ધિ કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. ન્યૂ ફંડ ઓફર



(NFO) ૨૨ જૂન ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રીપ્સન માટે ખુલ્યો છે અને ૬ જુલાઈ ૨૦૨૫ના રોજ બંધ થશે. ઈક્વિટી માર્કેટે દર્શાવ્યું છે કે સેક્ટર લીડરશિપ ગતિશીલ હોય છે અને તેના પર બદલાઈ રહેલા મેક્રોઈકોનોમિક એટલે કે સમગ્રલક્ષી આર્થિક તેમજ વૈશ્વિક બજારની સાઈકલને અસર કરે છે. વિવિધ સમયગાળા દરમિયાન ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, ફાર્માસ્યુટિકલ્સ, PSU બેંકો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રિયલ્ટી, મેન્યુફેક્ચરિંગ અને કન્ઝમ્પશન જેવા સેક્ટર્સ બજારના લીડર તરીકે ઉભરી આવ્યા છે.

Display: 2/2